૩૫૩૨

म[illegible]माया काव्य.

બનાવી તૈયાર કરનાર

પોપટદાસ દલપતરામ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

કુબેરદાસ વિ. ખીમજી.

દોહરો.

વાંચો છંદ વિવેકથી, સૂઝજો રૂડી પેર;
સાર ગૃહો સજ્જન તમે, માતા કરશે મે'ર.

અમદાવાદ:

ધીકાંટે યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં છાપી.

સંવત ૧૯૪૪. સને ૧૮૮૮

કીમત ૩ ૭

३५३२

महंमाया काव्य.

બનાવી તૈયાર કરનાર

પોપટદાસ દલપતરામ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

કુબેરદાસ વિ. ખીમજી.

દોહરો.

વાંચો છંદ વિવેકથી, સમજો રૂડી પેર;
સાર ગ્રહો સજ્જન તમે, માતા કરશે મે'ર.

અમદાવાદઃ

ધીકાંટે યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં છાપી.

સંવત્ ૧૯૪૪. સને ૧૮૮૮.

કીમત ૩ આના.

સુચના.

હે પ્રિય બંધુઓ ! મારામાં કવિત્વપણાની શક્તિ બતાવવાને ગતિ નથી, તોપણ મારી અલ્પ મતિથી આ કાવ્યની અંદર મેં મુખ્ય બે બીનાઓ વર્ણવી છે—શ્રીકૃષ્ણના અવતાર વિષે અને પાવાગઢના રાજન વિષે વર્ણન કરેલું છે.

વાંચનારાઓને આગળથી સમજણ પડવાને માટે તે બે બીનાનો ટુંકામાં ટુંકો સાર કહી જાઊંછું.

૨. પાવાગઢની પાસે ચોસઠ દેવીઓ, ઘણા સુશોભીત વસ્ત્રાલંકાર ધારણ કરીને રમવાને આવીઓ, અને પાવાગઢના દરબાર માંહેલા કોઇ માણસે તે દેવીઓને જોઇને તે વાત પાવાગઢના નૃપ પાસે લઈ ગયો. આ વાત સાંભળી રાજા ઘણો હર્ષીત થયો. પોતે કામનો ઘણો અભિલાષી હતો તેથી તે માણસને કહ્યું "તું તે સ્ત્રીઓને અહીંઆ લઇ આવ અને પહેલાં તો ત્યાં જઈ તેની પાસે મારી આબરૂ ગાજે, જેથી કરીને તે અહીં આવશે, અને જો તારા કહ્યાથી નહીં આવે તો હું પોતે ખુદ જઇશ".

હુકમ માથે ચડાવી, તે માણસ તે દેવીઓ પાસે ગયો. પણ તે માણસ, આ સ્ત્રીઓ દેવીઓ છે, એમ જાણતો નથી તેથી તે બોલ્યો હે કાંત્તાઓ ! તમને મારો રાજન વરવાને બોલાવે છે અને તે મોટો રાજાધિરાજ છે, તેની પાસે લક્ષ્મીનો તો પાર નથી.

આ વાત સાંભળી સર્વ દેવીઓ વિચારમાં ગરક થઈ ગઈ, અને સર્વનાં રૂવાંટા ઉભાં થયાં અને રોમ રોમ જવાળા વ્યાપી. પણ જગતજનુની, બહુચર બોળી ગણાય છે, તે આવીને સર્વને શાંત પાડી.

આવો બનાવ જોયાથી પેલો માણસ રાજા પાસે જીવ લઇને નાઠો, અને કહ્યું કે, રાજાજી, આપનો વિચાર તદન ફોગટ છે, તે તો કોઈ ઇંદ્રના ઘરની અપ્સરાઓ છે, તેનો ગુસ્સો અને શુર જોઈને મારી છાતી તો ફાટી ગઈ અને જીવ લઇને અહીંઆ આવ્યોછું.

આ વાત સાંભળી રાજા કચેરીની માંહે ઉભો થઈ ઘણુંક ગુસ્સાથી છાતી ઠોકીને બોલ્યો કે "હું જો તે નારીઓને કેશ પકડીને લાવું તો ખરો." આ પ્રમાણે બોલી તે કામી ક્રોધી અને કુડકપટી રાજા ઘણા ઠાઠમાઠથી તે નારીઓ પાસે ગયો. પણ જતાંમાંજ તેના આભુષણ ને રૂપ સૌંદર્ય જોઇને તો મોહિત થઈ ગયો અને દીનદીશાનું ભાન રહ્યું નહીં અને એકદમ સ્તબ્ધ થઈ ગયો. તોપણ હજુ સુધી તેણે દેવીઓને ઓળખ્યાં નહીં, અને બોલ્યો કે "મારે મંદિર પધારો."

બહુચર પાસે આવી બોલ્યાં કે "માગમાગ તે આપું. તું કહે તો બાણું લક્ષુ માળવો, પુત્ર, પરિવાર, હાથી, ઘોડા, તું જે માગે તે આપું." પણ તે કામી અભાગીઆ નૃપને હજુ સુધી ભાન આવ્યું નહીં અને માતને ઓળખ્યાં નહીં અને બોલ્યા કર્યો કે "મહેલ પધારો, મહેલ પધારો" આથી દે-

વીઓ ઘણી ક્રોધાયમાન થઈ અને બોલીઓ કે "તારો પાવાગઢ આજથી છ માસની અંદર જશે અને તારી કાયા હણાશે." પછી દેવીઓ અદૃષ્ય થઈ અને નૃપ લજવાઈને અધોમુખે ઘર તરફ ફર્યો.

પછી થોડા વખતની અંદર મોટો સુબો સુલતાન નવલક્ષ ઘોડે ચડ્યો, અને પાવાગઢ જીતી લીધો પછી તે રાજાને ભાન આવ્યાથી એકદમ મહેલમાંથી નાશી દેવીઓ પાસે આવ્યો અને શરણ પડી બોલ્યો કે "હે દેવીઓ, મેં તમને ઓળખ્યાં નહીં, મારો બહુલ અપરાધ માફ કરો, છોરૂં જાણી મુંને જવા દીઓ," આ પ્રમાણે ઘણા કાલાવાલા કર્યા. દેવીઓ ઘણી ભોળીછે તેથી તેણે તેને અનામિક કરી સ્થાપ્યો અને વૈકુંઠવાસ આપ્યો.

હવે વાંચનાર વિદ્વાન પુરૂષો ! તમે વિચાર કરો કે દેવીઓ કેટલી ભોળીછે કે જેણે તેની ઉપર કુદૃષ્ટિ કરી તેવા માણસને પણ વૈકુંઠવાસ આપ્યો તો આપણે આધીનપણેથી ભક્તિ કરશું તે છતાં આપણને સ્વર્ગવાશી કેમ નહીં કરે ? આ વાત ઉપરથી સમજુ માણસો સાર ગ્રહણ કરશો એવી મારી વીનંતી છે.

આ લઘુ કાવ્યની અંદર કોઇ ભુલચુક તથા તીક્ષણ કાવ્યદોષો તથા પીંગળ દોષો, તાળ, અને અનુસ્વરાદિક દૃષ્ટિગત થાય તો આ બાળકના "પહેલીજ વારના યત્ન" ઉપર નજર

કરી તે દોષો મનમાં ન આણી સુધારીને વાંચશો એવી મારી વીનંતી છે. ફક્ત મારા કેટલાક સુજ્ઞ મીત્રોના બોધથી અને "મેવેકેશન"નો સારો લાભ લેવાને માટે મેં માત્ર બે આંકડા બનાવ્યા છે તો તે વાંચીને મારી મહેનત ઉપર નજર કરી સંતોષ પામશો, એવી મારી વીનંતી છે.

"લખનાર કરતાં ભુલ કાઢનારાઓ ઘણાં" આ પ્રથાને વળગી ન રહેતાં સુધારીને વાંચવાની કૃપા કરશો તો પ્રસિદ્ધ કર્યાનું સાર્થક થયું એમ સમજીશ.

આ લઘુ કાવ્ય છપાવવામાં તથા અગાઉથી આશ્રય આપનાર ગ્રહસ્થો નકલો ખરીદવાને અરજ કરવામાં મારા પ્રિયમિત્ર વિષ્નુપ્રસાદ દુર્ગાપ્રસાદે ઘટીત યત્ન કર્યો છે માટે હું તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

म .माया काव्य.

દોહરા.

પ્રજ્ઞજનો સહુ સાંભળો, પ્રિતે કરૂં પ્રણામ;
માતાનીજ ભક્તિ કરો, ધરી રહૃદયમાં હામ;
સાહ્ય તમારી તે થશે, જે છે જગની માત;
વે'મ વિચારો નહિ કદી, છે તેતો સાક્ષાત. ૧

ભુજંગી છંદ.

પુરે પ્રેમથી હું ભજું માતકાળી,
ચઢી શોભતે વાહને આવ બાળી;
ભલું જોઈને ચાચરે ધામ કીધું,
દેવી દાસને તેં અતિ સુખ દીધું. ૧
કરૂં કાવ્ય હું આપના નામથી જે,
વળી દાન વિદ્યા તણું માત દીજે;
તારી ભક્તિ આણી સદા ભાવ લાવું,
મુખે બૈચરા બૈચરા એમ કા'વું. ૨
રૂડો દેશ પાંચાળને શોધી લીધો,
ઘણે આનંદે ત્યાં જઈ વાસ કીધો;
નમું તુજને તો હૈયું હર્ષે મારૂં,
મુખેથી ભજું સર્વદા નામ તારૂં. ૩

બાળી માત તો સર્વે વાસો વસેછે,
કવિ નામ કહેતાં મુને તો હસેછે;
કરો મહેરબાની સરે કામ મારૂં.
ધરે દાસ પોપટ સદા ધ્યાન તારૂં. ૪

કવિત.

વારવાર નમસ્કાર, કરતો આવેછે દાસ;
કરેછે ઉચ્ચાર તે, વિચાર ચિત ધારજે.
ભક્તિ તારી જાણી નહિ, આણુ દોશ ન લગાર;
સુબુદ્ધી દાસને આપી, સુકામ કરાવજે.
ખપર ત્રિશુળ ધરી, સંહારજે શત્રુઓને;
અર્થ તારા નામનો, સમર્થ થૈ સુધારજે.
તારામાં આભાજ ઘણું, મુખથી કહી ન શકું ;
પણુ તારા શેવકોને, અધિક ઉધારજે.
સુભક્તિમાં ઉભો રહે, કોઇ જન તારે પારે ;
સુખશાંતી આપી તેને, પાપથી ઉગારજે.
વંદન કરેછે દાસ, પોપટ તારોજ બાળ;
સ્તુતી કરવાને તારી, કથન સ્વીકારજે.

પાવાગઢના રાજંન વિષે.

(ચોસઠ બેનો ઘણા સુશોભીત વસ્ત્રાલંકાર ધારણુ કરીને પાવાગઢ પાસે રમવા આવીઓ છે. એક દરબારી માણુસે

તે નારીઓને જોઈને તે વાત પાવાગઢના રાજંન પાસે લ ઇ ગયો અને નીચે પ્રમાણે કહેછે.)

રાગ ઝીંઝોટી.

(કહોં તો રાજા સાથે હું આવું, એ રાહ.)

સુણોરે રાજંનજી, વાત કહું સાચી;
ચોસઠ નારીઓ, રમવાને રાચી. સુણોરે. ટેક.
સુરભીછે અંગી કેશર વરણી,
થઈ થઇકાર થઇ રહી નાચી; સુણોરે.
સણગાર સોળે સજકરી આવી,
કોને કહું, એમાં એકે ન કાચી; સુણોરે.
કનકની થાળીઓ લેછે તે તાળીઓ,
ગાયછે રાગ ત્યાં સારાં ખમાચી; સુણોરે.
મોહીત થઇ હું પાસેરે આવ્યો,
વાત ખરેખરી કહુછું હું જાચી; સુણોરે.

(આ વાત સાંભળી નૃપ ઘણો હર્ષિત થયો અને પોતે ઘણો કામી હતો તેથી તે માણસને નીચે પ્રમાણે કહેછે.)

ગજલ.

(છંદ્ર સભામાં ગવાતી ઢબની)

(જા સખી તું વેગે વેલી. એ રાહ.)

જા ભૃત્ય તું વેગે વેલો, રાણીને કહે;
મારો રાજંન જે છે સાર, તમ માટે ચહે.

કહે જે તેને મેડીઓને, સારા બંગલા;
દાસ દાસીઓને રાખે, ઘણા રંગલા.
પટરાણી સૌને કરીને, રાખશે તે પાસ;
સારૂં સારૂં ખવડાવીને, કરશે દુઃખનો નાશ.
તેની સઘળી રાણીઓને, કરશે ખસુસ દુર;
ઘણો શોભીતો રૂપાળો, છે તે ક્ષત્રી નુર.
એવી સઘળી મુજ રીતી, વર્ણવતે પાસ;
હાઠ સઘળો કહેતાં તેને, તજજે તું તો ત્રાસ.
તારૂં કહ્યું નહીં માને તો, જઈશ ખુદહું;
જેમ તેમ સમજાવીને, લાવ તેને તું.

(હુકમ શીર ચઢાવીને તે માણસ જાયછે અને દેવીઓ પાસે જઈને કહેછે.)

રાગ.

(રે એનો વિચારો જરા—એ રાહ)

રે એનો સુનો તો જરા, (૨) સંદેશો નૃપ તણો છે આજ,
હો સુનો તો જરા. ટેક.
મારો રાજન રાજમાન, તમે છો શોભીતા ખરા;
વરવા બોલાવ્યાં છે, તમને હો સુનોતોજરા.
બંકડો કહેવાય રાજ, પાસે તેની ઝાઝી ધરા;
સઘ તમે પધારોને તહાં, હો સુનો તો જરા.
લક્ષાધિપતી તે રાજ, રાખે પાસ બરબરા,

જરતણી તો સારી ખાણુ, આજ હો સુનો તો જરા.
ગામ તેને બાવન લાખ, એ છે એનાં ઘર ઘરા;
પછી આવશે તે અહીંઆં, હો સુનો તો જરા.

(આ પ્રમાણે બોલીને તે માણસ એક બાજુએ ઉભો રહ્યો. દેવીઓએ આ વાત સાંભળી સર્વનાં રૂવાંટા ઉભા થયા અને રોમ રોમ જવાળા વ્યાપી, અને માંહો માંહે બોલવા માંડયું.)

રાગ

(સુણો દિલ્લી તખ્ત ધરનાર) એ રાહ.

કાલીકા—

અરે, અંબિકા ! આશું બોલે છે વચન
એવો તે નૃપ કોણ જાગ્યોરે. એવો તે. ટેક
ખરેખર હશે પશુ તુલ્ય જંન, એવો તે.
રુઠી થઈ બોલી અંબિકા તતકાળ; એવો તે.
રોમ રોમ ઉઠી પગમાંથી જાળ. એવો તે.
વાઘ ચડનારી, છુટો કર્યો હાથ; એવો તે.
થાપો માર્યો તેણે જમીનની સાથ. એવો તે.
એનાં પૂર્વજોનાં પુન્ય ખુટયાં છે ખચિત; એવો તે.
રે'જે એની તારા મનમાં નચિંત. એવો તે.
એક આવી જેણે છુટા મુકયાં કેશ; એવો તે.
બીજી આવી જેને દયા નહીં લેશ. એવો તે.

આગ ફાકડા ભરેછે એક માત; એવો તે.
મારી નાંખુ એને એમાં શી વીસાત. એવો તે.
એક કહે બચરડી ભુકો કરી નાંખુ; એવો તે.
બીજી કહે એનાં બોલ નહીં સાંખું. એવો તે.
એક ઉછળી તે ઊંચી ત્રણ હાથ; એવો તે.
બીજી પોચા કરડે છે તેની સાથ. એવો તે.
એક કહે લાવી દીલ ક્ષત્રી શુર; એવો તે.
જઇ ધુળધાણી કરૂં તેનું પુર. એવો તે.
એક અફાળે છે ગદા પૃથ્વી સાથ; એવો તે
તેનાં અવાજ તો સુણો જુગનાથ. એવો તે.
એમ લાવી ક્રોધ સહુ મનમાંય; એવો તે.
હાહાકાર, હળાહળ થઇ ત્યાંય. એવો તે.

(આ પ્રમાણે સઘળી દેવીઓ ક્રોધાયમાન થઇ છે એટલામાં ભોળાં બહુચર આવી સર્વને શાંત પાડીને પુછે છે)

રાગ ઉપરનો.

બહુચરા—

આશું ધધ માંડયો છે, મારી બેન;
વિચાર કાંઇ લાવો જરારે. ટેક.
કહો સવ મુને પડે નહીં ચેન, વિચાર.
ક્રોધ સમાવી દો મોટી બેન આજ; વિચાર૦
કોણે કહ્યું તમને, શું પડયું છે કાજ. વિચાર૦

રાગ ઉપરનો.

ચંડિકા—

ચાલ ચાલ તું તો, ભોળી મારી બેન,
ક્રોધ તે કેમ કાઢી નાંખેરે. ટેક.
ઘણું ઝેર વરસે છે મારા નેન, ક્રોધ૦
પાવાગઢ તણો કપટી રાજન; ક્રોધ૦
વરવા માટે ધર્યું છે તેણે મન. ક્રોધ૦
નવ લક્ષ ઘોડે આવશે તે જ્યારે; ક્રોધ૦
ઝાલી કેશ પછાડીશ તેને ત્યારે. ક્રોધ૦

રાગ ઉપરનો.

બહુચર—

હોય હોય એની, બોલીએ ન કાંય;
વિચાર કાંઈ લાવો જરારે. ટેક.
સમજીને બેસી રે'જો, મનમાંય; વિચાર૦
નહીં હોય નૃપ, તે તો નીચ કુળ; વિચાર૦
હશે કોળી ભીલ તણું, તેનું મુળ. વિચાર૦
બેશી રહો વિચારીને, આપણો ધર્મ; વિચાર૦
નડશે તેને તો, જેવાં કરશે કર્મ. વિચાર૦
નહીં જાણ્યાં હોય તેણે દેવી માત; વિચાર૦
તેને ખરેખર જાણજો સિપાત. વિચાર૦

રાગ ઉપરનો.

અંબાજી—

નહીં નહીં, બોળી બેન બોલે શું તું બોલ,
ઘટિત નહીં બેની મારીરે૦ ટેક૦
પ્રાણ કાઢવો છે, મારી એને ઘોલ; ઘટિત૦
છુંદી નાંખીશ હું એમાં નહીં ફેર; ઘટિત૦
એ તરકડે કર્યો છે ઘણો કેર. ઘટિત૦

(આવો ગુસ્સો અને શુર જોઈ તે માણુસ ભયભીત થઈ જીવ લઈને નાઠો તે રાજા પાસે આવી નીચે પ્રમાણે કહેછે.)

(જલ્દી લે બાવાજી લોટ—એ રાહ)

એ વિચાર આજ નૃપ, ઉર આણવો નહીં; ટેક.
ઘટિત નથી એમ સમજી, દીલ લાવવો નહીં. ટેક.
રાણીઓ દીસેછે ક્રોધ, આજ ઘણી લાજમાં,
નારીઓ પણ ક્ષત્રી શુર, છે ઘણુંક તાજમાં; એ૦
આપનું કહ્યું મેં જ્યારે, કહ્યું તેનાં સમક્ષમાં;
થઈ વિક્રાળ ઉઠી જાણે, લેશે મુંને એ બક્ષમાં. એ૦
વીનવીએ નારીઓમેં પૃથક પૃથક રીતશું;
ગ્રહ્યું ત્રીશુળ હાથમાંને, ઉભી રીશ ચીતશું. એ૦
એક આવી નાર જેણે, ક્રોધ તો કર્યો અતિ;
બીજી આવી નાર જેની, વિક્રાળ હતી ગતિ. એ૦
કથન મારૂં સાંભળીને, નારીઓ ચક ચુરમાં;
જીવ લઈને આવ્યો હું છું, આપની હજુરમાં. એ૦
સામટી મળીને બોલી, મારો આવનારને;

મારવાને ઇચ્છું તેણે, આપ નામદારને. એ૦

(આવી વાત સાંભળી નૃપ ઘણો ક્રોધાયમાન થયો અને સભામાં ઉભો થઈ છાતી ઠબકારીને બોલ્યો કે જો હું એ નારીઓને કેશ પકડીને લાવું તો ખરો.)

(સુણો દિલ્લી તખ્ત ધરનાર—એ રાહ)

નૃપ—

જો ખરો હું હોઊં ક્ષત્રી કૂળ,
રાણીને હું પટરાણી કરૂંરે; રાણીને. ટેક૦
જઇ કાઢું હું એ વનિતા ધૂળ, રાણીને૦
ઘણો મદલાવી બોલ્યો ત્યાં રાજંન, રાણીને૦
એ વનિતા શું જાણે છે એનાં મન, રાણીને૦
સુરો સુબો ઉભો થઈ બોલ્યો સારધાર, રાણીને૦
હાંહાં જાઓ, ઘોડા કરોને તૈયાર, રાણીને૦
ફાટીગઈ તેની લાલ ચોળ આંખ, રાણીને૦
બોલ્યો, ઘોડા ઉપર પાખર તું નાંખ. રાણીને૦
થયો સવારને ચાલ્યો છે રાજંન, રાણીને૦
સહુ લાવજો તે નૃપ ક્રોધ મન, રાણીને૦
લીધા માણસો તો તેણે ઘણા સાથ, રાણીને૦
તે નૃપ ક્રોધ જાણે એક જુગનાથ, રાણીને૦
પણ જ્યારે નૃપ ગયો દેવીઓની પાસ, રાણીને૦
હેબકાઇ ગયો મન પામ્યો ત્રાસ, રાણીને૦
સુ શોભીત સુંદર જોઈ નાર, રાણીને૦

દીલમાં ડર્યો તે નક્કી નીરધાર, રાણીને૦

(તે રાજા તે દેવીઓ પાસે ગયો પણ પોતે જાણુતો નથી કે આ દેવીઓ છે, પણ તેનાં વસ્ત્રાલંકાર જોઈને મુર્છા પામ્યો પણ પોતે કામનો અભીલાષી હતો તેથી નીચે પ્રમાણે બોલે છે.)

રાગ ભરથરીનો.

(ભેખરે ઉતારો રાજા ભરથરી).

આવ્યો પાવાગઢ રાજીઓ, મોહીત થઇ જોઈ નારજી,
કામીરે ક્રોધીને કુડ કપટે ભર્યો, કાંઈ કર્યો નહીં વિચારજી;
કૃપારે કરોને રાણી રાધિકા૦
નૃપરે બોલ્યો તે પાપીઓ, પ્રાસાદે પધારોજી,
કામરે વૃતીની આશ છે ઘણી, તેથી આમ ન સ્વીકારોજી;
કૃપારે કરોને રાણી રાધિકા૦

બહુચરાજી—

બાળીરે બહુચર ત્યારે બોલીઆં, માગ માગ તે આપુંજી,
ભાગ્યરે ઉદય તારાનો થયો, તારૂં કષ્ટ સર્વ કાપુંજી;
નૃપરે નશીબ ઉદય તો થયો૦
બાણુંલક્ષ માળવો સોપું હું, પુત્ર અને ઘણું ધન્યજી,
ઇંદ્રનું ઇંદ્રાસન આપુ હું, થઈછું હું પ્રસન્નજી;
નૃપરે નશીબ ઉદય તો થયો૦

નૃપ—

ગામ તો નારી છે અતિ ઘણા, પુત્ર અને પરિવારજી,

કામરે વૃતીની આશ છે ઘણી, તેથી મન આ સ્વીકારજી;
કૃપારે કરોને રાણી રાધિયા૦
અધિકું રૂપ જોઈ નારી હું, મોહીત થયોછું આવારજી,
કરીરે પટરાણી રાખું તુને, એમાં નહીં ફેરફારજી;
કૃપા કરોને રાણી રાધિકા૦

બહુચરાજી—

ભૃગુટી ચડાવી ત્યારે અંબિકા, રોમરોમ જ્વાળા વ્યાપીજી,
ધીકરે ધીકછે તારી જાતને, તારી બુદ્ધી મેં તો માપીજી;
નૃપરે નશીબ ઉદય તો થયો૦
સુંદર પાવાગઢ તાહરો, જાશે છ માસની માંયજી,
હે દુષ્ટ પાપીરે કામી બોલીયા, તારી હણાશે તો કાયજી;
નૃપરે નશીબ ઉદય તો થયો૦
ગંગાજી આવ્યારે આળસુ ઘરે, આળસુ ઉઠી નાવ નાહ્યોજી,
જ્યારેરે ગંગાજી ચાલ્યાં ગયાં, આળસુ મન પસ્તાયોજી;
નૃપરે નશીબ ઉદય તો થયો૦
તેમરે મળીશું હું તુજને, ઓળખ્યા નહીં તેં તો માતજી,
ખરેરે ખરો તું અભાગીઓ, તારી થશે જોને ઘાતજી;
નૃપરે નશીબ ઉદય તો થયો૦
અલોપ થયાંરે પછી અંબિકા, જખમારી રહ્યો રાજનજી,
પાપીરે પાછો તે ત્યાંથી ફર્યો, કરી વિચાર એ મનજી;
નૃપરે નશીબ ઉદય તો થયો૦

(પછી એક સુલતાને તે રાજ ઉપર ચઢાઈ કરી અને તેનો પાવાગઢ જીતી લીધો, પછી તે રાજાને ભાન આવ્યાથી પોતે પોતાના મનમાં ખેદ કરેછે અને પછી માતાજી પાસે જાયછે તે વીશે.)

રાગ ઉપરનો.

સાહેબ સુબો સુલતાન તે, ચડ્યો નવ લક્ષ ઘોડેજી
જઈને પાવાગઢ ઘેરીઓ, ઘણી હોંશ અને કોડજી;
કૃપારે કરોને માતુ અંબિકા૦
રાજન ઘણું મન પસ્તાયોને, ગયો બહુચર માતજી,
તમેરે ભ્રાત ને માત જાત છો, તમને ગણ્યું હુંતો તાતજી;
કૃપારે કરોને માતુ અંબિકા૦

(તે રાજન માતાજીને ઓળખ્યાં નહીં અને તેનું રાજ ગયું તેથી પોતાના મનમાં ખેદ પામે છે અને બોલે છે)

(સહીઅર દુઃખ શું દાખવું—એરાહ.)

અરર કર્મ આ મેં શું કર્યું; ઓળખ્યા નહીં માત,
કેવો ! હું છું અભાગીઓ, જોયા માજી સાક્ષાત; અરર૦
કાગને હાથ રત્ન પડ્યું, પથ્થર તુલ્ય ગણાય,
મુલ્ય વસ્તુ પણ કીંમત નહીં, અર્થ નહીં સમજાય; અરર૦
તેમ માજી મુજને મળ્યાં, ભુલી ગયો સર્વ ભાન,
સ્વર્ગનો વિચાર નહીં કર્યો, ફક્ત ગાન ગુલતાન; અરર૦
પાપી હું છું દુષ્ટ લંપટી, અઘોર કૃત્ય કરનાર,
હાય હાય શોક શું કરૂં, નીશ્ચે નરકે જનાર; અરર૦

માફ માગુ મા પાસે જઈ, ભોળી છે આચર માત,
કરગરી કહીશ હું તેમને, ક્ષમા કરો મારી જાત; અ૨૨૦
છોરૂ કછોરૂ થાયે કદી, પણ માનો એક સ્વભાવ,
એ ઘડી આંખથી અદીઠ કરે, પણ પછી નહીં અભાવ; અ૨૨૦

(આ પ્રમાણે વીલાપ કરીને માતાજીની શોધ કરવા નીકળ્યો અને તે ઠેકાણે આવીને નીચે મુજબ બોલેછે)

રાગ ભરથરીનો.

(ભેખરે ઉતારો રાજા ભરથરી—એરાહ)

નૃપ—

દરશન આપો દયા કરી, જેથી થાય નિર્મળ કાયજી,
ભક્તરે તારાને લાડ લડાવજે, ગુણ સૌ મુખથીમાં ગાયજી;
દાશરે આવ્યો છે માજી અંબિકા.
અખિલ જગતમાં વ્યાપી રહી, ત્રણે લોકની માંયજી,
સા'યરે થજો મા નીધા કરી, જેથી મનમાં હરખાયજી;
દાશરે આવ્યો છે માજી અંબિકા૦
દાશ જાણી ભટ વલ્લભને, ઘણી કીધી તેં તો સા'યજી,
કષ્ટરે તેનું સૌ ટાળીયું, વ્યાપાં આલમ માંયજી;
દાશરે આવ્યો છે માજી અંબિકા૦
ભક્તિરે તારી મા કર્યા થકી, નહીં ભમે આ સંસારજી,
રીદ્ધીરે સીદ્ધી સૌ આવી મળે, ગુણ તારા છે અપારજી;
દાશરે આવ્યો છે માજી અંબિકા૦

વર્ણન કરવા મતી નથી, સકળ જગત મહીમાયજી,
બાળરે તારાને ઉધારજે, તું જનુની તો કહેવાયજી;
દાશરે આવ્યો છે માજી અંબિકા૦
હે મા વાસ કર્યો આરાસુરમાં, બહુ ધર્યા તેં તો રૂપજી,
ચોસઠ બેનોરે કહેવાય છે, પણ એક સ્વરૂપજી;
દાશરે આવ્યો છે માજી અંબિકા૦
સીંહાસન બેઠા મારગ જતા, ઝાલો શેવકની બાંયજી,
દીનરે જાણીને કૃપા કરી, જેમ જેમ સુખીઆં તો થાયજી;
દાશરે આવ્યો છે માજી અંબિકા૦
સુંદર પાવાગઢ માહરો, ગયો તતક્ષણ કાળજી.
રાજરે મારૂં ચુંથાઈ ગયું, પડી પેટમાં તો ફાળજી.
દાશરે આવ્યો છે માજી અંબિકા૦
ચરણ નમું છું મા હરઘડી, લાવી મનમાં મા હોંશજી,
માફરે કરજે મારા પાપ સૌ, ન ધરતી કાંઇ દોષજી;
દાશરે આવ્યો છે માજી અંબિકા૦
વાઘેશ્વરી મા તમને હું નમું, ચડી વાઘ વાહનજી,
સ્તુતીરે કરૂંછું મા તુજને, કરજે અલગ વીધ્નજી;
દાશરે આવ્યો છે માજી અંબિકા૦
કાળી તું કલ્યાણ કારી છે, ધરજે સ્તુતીમાં ધ્યાનજી,
બાળરે થઈને પાયે પડું, મન ધર મારૂં બ્યાનજી;
દાશરે આવ્યો છે માજી અંબિકા૦

મિત્ર બાળક તો શરણે નમે, થઇ તમારા દાશજી,
દાશના દાશને પાળજો, કરી દુ:ખનો મા નાશજી;
દાશરે આવ્યો છે માજી અંબિકા૦

રાગ ઉપરનો.

સુદ્દષ્ટિએ ન્યાળો માતુ બહુચરા, હું તારો નાનકડો બાળજી,
રોશ ન ધરતારે માતુ વીજીઆ, લે તારા બાળની સંભાળજી;
કૃપારે કરોને માતુ અંબિકા૦
ચાચર ચોકેરે તારો વાસ છે, આરાસુરમાં મુકામજી,
એમ તું વ્યાપીરે સઘળે ઇશ્વરી, પાવાગઢ તારૂં ધામજી;
કૃપારે કરોને માતુ અંબિકા૦
ચરણ નમે છે તારાં લાડકાં, તેને કરતું ઉધારજી,
દરશનની આશ છે ઘણી, કર તેનો સફળ અવતારજી;
કૃપારે કરોને માતુ અંબિકા૦

બહુચરાજી—

ચોસઠ બેનો રે આવી એકઠી, સોળે સજી શણગારજી,
તાળીરે લેતાં ને ફરી વાળતાં, એક એકનો છે આધારજી;
કૃપારે કરોને માતુ અંબિકા૦
અનામીક કરી તેને સ્થાપીઓ, આપ્યો વૈકુંઠ વાસજી,
રહ્યો તે માતાજીના ચરણમાં, ભવો ભવનો થઇ દાસજી;
કૃપારે કરોને માતુ અંબિકા૦

કર્ત્તા—

ત્રીગુણ રૂપે તું ત્રીપુરેશ્વરી, કહેતાં ના'વે કાંઇ પારજી,

અરરે કરૂં છું તારા નામનો, એમાં તારો આધારજી;
કૃપારે કરોને માતુ અંબિકા૦
ગાય શીખે સુણે સાંભળે, ના'વે ઉની તેને આંચજી,
બેઉ કરજોડી પોપટ કહે, પામે પદારથ પાંચજી;
કૃપારે કરોને માતુ અંબિકા૦

(પાવાગઢનો રાજન ઘણા હર્ષથી માજી પ્રત્યે એક સ્તુતિ વદે છે)

(નારાયણ નરસિંહ નરોતમ, પુરૂષોતમકો ધ્યાન ધરોરે.
જે ચપળાને ચીતવું નિશદીન, તે મુજથી બેદિલ રહેરે—રામ)
જય જય અંબા જય જુગદંબા, જુગ જુગ તુંજને જાણેરે ટેક.
દીગપાળ રૂપે ડગે તું દેવી, પૃથ્વી રૂપે પાળેરે,
સ્થાવર જંગમ રૂપે તું દેવી, બ્રહ્માંડને તું ન્યાળેરે;
જય જય અંબા૦ ૧
વરસાદ રૂપે વરસે તું દેવી, કરે વીજ ચમકારારે,
તારા ગગન સ્વરૂપે તું દેવી, કરે ધનુષ ટંકારારે;
જય જય અંબા૦ ૨
શશીયલ રૂપે શીતળ દેવી, સહુને અમૃત ઢાળેરે,
સુરજરૂપે પ્રત્યક્ષ દેવી, અંધકારને તું ટાળેરે;
જય જય અંબા૦ ૩
લોકાચળને રૂપે દેવી, લોક વદનમાં રાખ્યુંરે,
માહસ્વરૂપે માટી ખાતાં, જશોદાજીએ દાખ્યુંરે;
જય જય અંબા૦ ૪

દસ અવતાર ધર્યા તેં દેવી, મોટા રાક્ષસ માર્યા રે,
ભુમી તણો તે ભાર ઉતાર્યો, ભગતને ઉધાર્યારે;
જય જય અંબા૦ ૫
મચ્છ, કચ્છ, ને વારાહ, નરસિંહ તું વામન વીકરાળીરે,
ફરશુરામ, રઘુરામ, કૃશ્નતું, બુધ કલંકી કાળીરે;
જય જય અંબા૦ ૬
તું તીરથ તું વ્રત ભવાની, બીજા સર્વે ભામારે,
ગંગા, જમના, સરસ્વતી તું, સઘ શીરોમણી શામારે;
જય જય અંબા૦ ૭
તું દાતા તું ભક્તા દેવી, તુંજ વિના સર્વે ખોટુંરે,
શ્રોતા, વક્તા, રતુ પરમાણે, તારૂં કારણ મોટુંરે;
જય જય અંબા૦ ૮
બ્રહ્મા વિશ્નુ ને માહેશ્વર, ત્રણે દેવ તેં જાયારે,
ત્રણ ગુણ તારૂણી માતા, તું ત્રીભોવન રાયારે;
જય જય અંબા૦ ૯
તું બ્રહ્માણી તું ઇંદ્રાણી, તું વિશ્નુની ઘરૂણીરે,
હીમાચળની પુત્રી થઇને, શીવશંકરને પરણીરે;
જય જય અંબા૦૧૦
માત તાતને રૂપે દેવી, સહુ પર તારી માયારે,
કરજોડી વીનવે દાશ મા, કરો હાથ શીર છાયારે;
જય જય અંબા૦૧૧

સ્તુતીઓ.

ત્રોટક.

તેજી ચંદ અહો બાળી માત તમે,
અતિ દર્શન કારણ આવ્યા અમે;
સગળા મળી ભાન ભુલીજ ભમે,
ગુણવાન દયાળુ છો માજી તમે. ૧
સુખ સાસ્વતા ઘો કરૂણા કરીને,
સહુ યાદ કરે સ્તુતીઓ ધરીને;
વિહારી રીપુ, મતિ દીઓ અમને,
આપો આશ્રય બાળકનાં અમને. ૨
સ્વપ્રકાશ છે આપનામાંજ ખરૂં,
તેથી અંબામા તણું ધ્યાન ધરૂં;
ભણે પોપટ મા, શરણે નમીએ,
કરીએ ભક્તી ભવ પાર થઈએ. ૩

રાગ.

(નીતિનું નાવ ચલાવ—એ રાહ.)

મા શેવક આવ્યો પાસ, બેચરમા શેવક આવ્યો પાસ. ટેક.
અલબેલી અંબામા નામ તમારૂં, પ્યારૂં લાગે મુને પ્યાસ બેચર૦
ખડ્ગ, ભાલા, ત્રીશુળ સોહીએ, ખપ્પર સહીત પ્રકાશ, બેચર૦
દક્ષીણ હાથે દેખી ત્રીશુળને, દુઃખ વામેછે તારા દાસ બેચર૦
બાળારે રૂપે સુખ પમાડો, એવી તમારી આશ, બેચર૦

અધર્મ કેરૂં કરવા ઉથાપન, સ્થાપન ધર્મ આભાસ, બાચર૦
આવ્યાંરે અંબા ચિત ધરીને, કરવા અસુરનો નાશ, બાચર૦
મનુષ કેરો જન્મ ધરીને, આવી રહ્યો થઈ દાસ, બાચર૦
આવ્યારે તમે દેવીરે રૂપે, ગૌ, બ્રાહ્મણ થકી ખાસ, બાચર૦
દાસ પોપટ કહે બાચર ભોળી, ભક્તી તણી લાવો હાંશ, બાચર૦

રાગ કલ્યાણની ગજલ.

(હાડાજી શું કરો સહાસ આ—એ રાહ.)

માતાજી શું કરૂં વખાણુ હું.
પાણી જોડી પ્રણમું હું બાળીરે; ટેક૦
ભક્ત તારણ આપ કરો મહેરબાની,
નીરખતાં રચનાછે ન્યારીરે. માતાજી૦
કાવ્ય કરવા નથી બુદ્ધી મારામાં,
મતી નવ પહોંચે મા મારીરે. માતાજી૦
અખિલ ભુવનમાં તેં નીપજાવ્યું,
ચમતકૃતિ ચપલાશી તારીરે; માતાજી૦
તાળીરે તુજથી લાવીરે બાળી,
નેહ વદનથી જોઉં ન્યાળીરે. માતાજી૦
નમું કાલીકા માતને હું તો,
ભક્તપર હેમ દૃષ્ટિ ભાળીરે. માતાજી૦
દાસ પોપટ તો શરણે આવ્યો,
બાંય ગ્રહોને મા મારીરે. માતાજી૦

હરિગીત છંદ.

આ બાળ આવ્યો શર્ણ માતુ, સ્તુતી મનમાં ધારજે;
સુજ્ઞાન આપી સર્વદા, અપરાધો તેનાં કાપજે;
ટાળો કુસંપ, કુચાલ અમારી, ક્રોધ દૂરા કૃપા કરી;
આપો સહનતા, સભ્યતા, ઔદાર્યને હીંમત ખરી. ૧
વળી નાશ કરી કુવિચારનો, નમ્રતા, શાંતી આપજે;
ભ્રાંતી કપટને લોભ, મદમાયા, માહેશ્વરી કાપજે;
સુભક્તિમાં ઉભા રહે સૌ, જન મન હોંશે કરી;
શીશ શરણે નામીને, આચરે સુભકતી ખરી. ૨
આપો એવી સુમતિ નિત્ય, હે જગત ત્રાતા ઈશ્વરી;
કલ્યાણ કરજે સર્વ જનનું, ત્રીવિધી તાપોને હરી;
કર માફ તકસિર, વિધિ, પાતક, ટાળી સુખશાતે ભરી;
કર સાય હે જગ ઇશ્વરી, અપરાધ મનમાં નહીં ધરી. ૩

વણજારો.

આ અલ્પ સ્તુતી ઉર ધારો,
મુંને બાળ ગણીને તારો, ટેક૦

તમે અખિલ ભુવન નીપજાવ્યું, દુઃખ દેવનું સહુ છોડાવ્યું;
તેમ આ સ્તુતિ મન સ્વીકારો, મુંને બાળ ગણીને તારો૦
તમે નારીમાંથી નર નીપજાવ્યો, કોઈ તુલ્યે પછી તેને નાવ્યો;
તે તો દાસ થયોરે તમારો, મુંને બાળ ગણીને તારો૦
હે મા ખડ્ગ, ત્રીશુળ હાથ ઝાલ્યું, મહીશને દુઃખજ આલ્યું;
જેથી થઈ પડયો તે બીચારો, મુંને બાળ ગણીને તારો૦

નવદુર્ગા રૂપે મા તું ન્યારી, શૈલજા શંભુ પ્રાણપ્યારી;
મારૂ પતિને તમેરે ઉગાર્યો, મુંને બાળ ગણીને તારો૦
તારે શરણે ચક્ષુ રાજા આવ્યો, કાળીદાસને કવી તેં બનાવ્યો;
એ ઊપકાર કર્યો તે સારો, મુંને બાળ ગણીને તારો૦
બહુચર નામે ગણે સૌ ભોળી, મા રૂપે આપ સુખ ગોળી;
એમ સહુ શેવકોને ઉધારો, મુંને બાળ ગણીને તારો૦
દક્ષપુત્રીછું તું દુઃખ હારી, હરીહરથી પણ હીતકારી;
દાસ પોપટને દુઃખથી ઉગારો, મુંને બાળ ગણીને તારો૦

ત્રોટક.

તુજ માતા અને તુજ પિતા ખરી,
કરો સર્વ પીડા જગમાંથી પરી;
દુર્લભ દર્શન સઘળાને દીઓ,
અપરાધ અમારાં નહીંજ લીઓ૦ ૧
વળી પાપ અપાર કર્યાજ અમે,
તે પણ રદયે ધરો નહીં તમે;
દીઓ સુમતિ ભક્તી કરવા વળી,
કરો પાપ અમારાં સૌ ખાખ બળી૦ ૨
સુભક્તી, સુમાર્ગ નહીં ચીત લઈ,
વિસરી નિજ ધર્મ પ્રપંચી થઇ;
કર્યાં પાપ તેનો નહીં તાગ આવે,
મુખથી કહેતાં તેનો પાર ના'વે૦ ૩

મદમાં મચી છેક છકેલ થઈ,
શરણાંગત શીશ ધર્યુંજ નહીં;
વખતે વરસે પછી ચિત ગયું,
મુખ બોચર, બોચર નામ લીયું૦ ૪
તુજ નામ સદા સુખકારી ખરૂં,
પણ ભાન ભુલી ભમતોજ ફરૂં;
સુખમાની સદા અહીં સુખી રહું,
પણ સ્વર્ગ તણો ન વિચાર લહું૦ ૫

રાગ.

(નમામી તું—એ રાહ)

આરાસુરમાં બીરાજે અંબાશ્રી, ટેક૦
કૃપા દયાળુ છો નીશ્ચીમાં, સઘળે રહીછું તું વ્યાપી,
કોટી સુર્ય પ્રકાશમાં, આરાસુરી, આરાસુરમાં૦
શેવક જનની વારે આવે, સમરતાં તતકાળરે,
વાઘ ચડી માત આવી, મહીપાસુરી, આરાસુરમાં૦
કુમ કુમ કેસર ચંદન, સુગંધી પુષ્પ હારરે,
ધુપ દીપ નીવેદ ધરી, ચરણે નમી, આરાસુરમાં૦
જે જન તારે શરણે આવે, પામે પદારથ પાંચરે,
વાંઝીઆને પુત્ર આપે, રિદ્ધી સીદ્ધિ, આરાસુરમાં૦
એવું જાણી શરણે આવ્યો, પુરજો મનની આશરે,
કરજોડીને દાસ પોપટે, વીનંતી કરી, આરાસુરમાં૦

રાગ.

(તેંતો જઈ કીધો દીલ્હી વાસ—એરાહ)

તેંતો આરાસુર જઈ કીધો વાસ,
જગત હીતકારી થઈરે; ટેક૦
શરણે આવ્યાં છે દીન તારાં દાસ, જગત૦
ધ્યાન ધરજે મા મારૂં સ્તવંન, જગત૦
ગુણ ગાવા હોંશ હુંતો લાવ્યો મન; જગત૦
જાણી બાળ મુંને કરેજે સહાય, જગત૦
જેથી પુર્ણ મારો ગ્રંથ કહેવાય; જગત૦
સ્વલ્પ મુજ સ્તુતી ઉરમાં ધારો, જગત૦
માન બાળક મુંને દીન તારો; જગત૦
તુંતો દુરમતિ ટાળક અંબ, જગત૦
તુંતો તારક કહેવાય જગદંબ; જગત૦
જ્યારે અકલાયો અસુરથી ઈંદ્રિ, જગત૦
તવ ધીર આપી જેમ ખીલે ચંદ્ર; જગત૦
તેંતો જય કીધી ઇંદ્રને સા'ય, જગત૦
પછી શુદ્ધ કીધી તેની તેંતો કાય; જગત૦
તેંતો ઘેરી લીધો દાનવ દળ, જગત૦
અને કર્યો તેનો જન્મ સફળ; જગત૦
તારા શેવકોને રાખજે તું પાસ, જગત૦
ટાળી નાંખજે તું ભવનાં ત્રાસ; જગત૦
દાશ પોપટ વદેછે સ્તવંન, જગત૦

દયા લાવી તે તું તો ધરજે મા મન;   જગત૦

ગજલ.

(મેં ને કયા જુલ્મ—એરાહ)

નીરાકાર, નીરજંન માત,
સદા ધાઉં, છો શાક્ષાત;   ટેક૦
જગતના માત, પિતાછો તમે,
કરીએ સ્તુતી, તમારી અમે;   નીરાકાર૦
કૃતિ સરવ, સુણીએ તારી,
એક એકથી, અધિક સારી   નીરાકાર૦
ત્રીગુણ રૂપે, તું નિયંતા,
સદા રાખો મા, નીત મમતા;   નીરાકાર૦
સકળ ગુણ ગ્નાન, સુષ્ટુ સોભશે,
વેદ પુરાણ, તુથી તો થશે;   નીરાકાર૦
રદયમાં તો, છે ભક્તિ હામ,
કરીએ સ્તુંતી, મા આઠે જામ;   નીરાકાર૦
બ્રહ્મા વિશ્નું, તને નમતા,
પાસે આવી, અરજ કરતા;   નીરાકાર૦
રહી વ્યાપી, ન્યારી ન્યારી,
સદા તમે, છો હીતકારી;   નીરાકાર૦
માજી તમેતો, પરોપકારી,
તેથી થયો હું, મા આભારી;   નીરાકાર૦
દરશી અદશ્ય, બહુ હામ થાય,

તેથી માજીતો, ચપળા લખાય; નીરાકાર॰
ભણે પોપટ, ભકતી ભાવે,
સદા માજીતો, પ્રસન્ન થાયે; નીરાકાર॰

રાગ.

(જુદું જુદું જગત જુદું જાણનેરે) એ રાહ॰
સાચું સાચું અંબાનું સ્મરણ શેવનેરે,
જે શેવેછે મોટા મુની મહાદેવજીરે; ટેક॰
કાચી કાયા ઘર બાહુતી, માણસ માત્ર છે ખેડુતી,
પંચ તત્વ પૂતળું તુંતો ટેવનેરે; સાચું॰
જીવ મુસાફરી આવી રહ્યોછે, અવધ બાંધી અવતાર ધર્યોછે;
નિવ્રતી, પ્રવ્રતિ નારી, મનમાં તુંતો લાવનેરે; સાચું॰
ઘડી એકમાં વયો જનારો, મનમાં એતો નિશ્ચે ધારો,
સમજી એવું ભક્તિ નાવ ચલાવનેરે; સાચું॰
ભક્તિ આવશે સાથે માની, જ્યારે થાશે જીવની હાની,
અંબાની સ્તુતીમાં જીવ ભમાવનેરે; સાચું॰
નવરાત્રી ખેલેછે માજી, નવ દુર્ગા થાયછે રાજી,
કહેતાં, જોવા બ્રહ્માને તેડાવનેરે; સાચું॰
બ્રહ્માણી, રૂદ્રાણી ફરતા, કલ્લોલ કલ્યાણી તો કરતા,
બાચરને કહેતાં, મહીશાશુર હરાવનેરે; સાચું॰
એવી કૃતિછે માંની સારી, ઘણા રૂપમાં છે આકારી,
ચરણમાં પડી શીશ નમાવનેરે; સાચું॰

સંસાર સઘળો તો છે ખોટો, પાણીનો જાણે પરપોટો,
અંબાના પદમાં મનને તો ઠરાવનેરે. સાચું૦
શેવ સદા સંસાર ત્યાગીને, અંબાની મારી માગીને;
કુ કર્મ કરતાં મનને તો હઠાવનેરે; સાચું૦
દાશનો દાશ તો ધ્યાન ધરેછે, દર્શન માટે મહી ફરેછે,
મનવાંછીત ઇચ્છા, પુરણ તો કરાવનેરે. સાચું.

શીખરણી.

વીના માતા કાળી, સંસાર વૃથા છે, મન સર્વદા;
વીના માતા બાળી, સુખ નહી મળે, કહીં તો કદા.
વીના માતા અંબા, સઘળા ગૃહ તો, આવીને નડે;
વીના જુગદંબા, અચાનક આળો, શીરજ ચડે.
અહો અંબામાતા, અનહદ ગતી, તારી દીસતી,
કરો કામો ત્રાત્રા, શેવકપર તું, સદા રીઝતી.
અનાદી છો માતા, દાનવ સર્વદા; નમે દેવતા;
રૂષિમુની ધ્યાને ધરે, સર્વત્ર તે, તુંને સેવતા.
છાજેછો આસને, ધરી ધનુષમા, વારે વળતા;
લલીતા કામાક્ષી, અહોનીશ કાપે, કષ્ટ બળતા.
નમું માટે અંબા, પોપટ સર્વદા, રદયે ધરી;
શ્રીમાળી બ્રાહ્મણ, કરો પીડા તેની, તમે તો પરી.

સવૈયા એકત્રીશા.

(ઝેર ગયાં ને વેર ગયાં— એ રાગ)

આરદાળી બહુચર બાળીને, છતરો માને છાજે છે;

નાકે વેશર વાળી શોહીએ, પાવા વાળી ગાજે છે.
વખાણ માજીના શું કરીયે, વગર સમજણ રીતેથી;
નારદ આવી શીશ નમાવે, નાચે સઘળા પ્રીતેથી.
રચીઓ સઘળી માની સ્તુતી, રતી માત્ર તો નવજાણું;
પોથી વેદ પુરાણ વગર તો, વીચાર મનમાં હું આણું.
પરદેશી હું બાળ અજ્ઞાની, સજ્જન મનમાં ધારીલ્યો;
ટકો એકે બેઠો નહીં, *નુંકાવ્ય કરી આભારી થયો.
દાદ સહુ સુણાવી માને; પ્રણામ કરી વારમવાર;
સહુ જન તેની ભક્તિ કરજો, સાહેબને સૌને આધાર.
દયા લાવીને સુણી લેજો, દસવાર તો કરૂં પ્રણામ;
લક્ષ દઇને વાંચી લેજો, દૂર્ગણ નહીં લેશો તમામ.
પરોપકારી છે માતા દુ, ર્ગા તણું કરૂં હું બ્યાન;
તકસીર સઘળી દીઓ મારીમાં, પ્રણામ કરૂં, ધરજો ધ્યાન.
રાજપાટ તો માગું નહીને, સાદ તાણી કહું ,આવાર;
મદ સઘળો તો મુકીદઈને, દયા લાવજો વારમવાર.

સમાપ્ત.

---

*અંબા

અગાઉથી ગ્રાહક થનારા ગ્રહસ્થોના નામ

ભાવનગર.

૧૦૦ મેહેરબાનસાહેબ સારાભાઈ વિ. વીજયશંકર. ડી. ન્યા. ૨૦ રા. માસ્તર મુકુંદરામ કેસવરામ. ૧૦ કુબેરદાસ ખીમજી. ૧૦ મોહનલાલ ઓધડભાઈ. ૧૦ શા. ત્રીભુવનદાસ ગલાભાઈ, ૧૦ ત્રવાડી બાપુશંકર હરગોવંન. ૧૦ સુખલાલ ભુરાભાઈ. ૧૦ રા. રા. લલુભાઈ નાનાંભાઈ. ૫ રા. રા. રતીલાલ શવાઈલાલ. ૫ ભાઇ ગવરીશંકર ભવાનીશંકર. ૫ રા. રા. મગનલાલ પરમાણંદદાસ. ૫ શંભુપ્રશાદ કાળીદાસ. ૫ શા. ગીરધર બુટાભાઈ. ૪ રા. રા. લક્ષ્મીપ્રસાદ હરીપ્રસાદ. ૨ શા અમરતલાલ કશનદાસ ૨ રા. રા. નાનાભાઈ જયંતીલાલ. ૨ રા. રા. કપીલરામ કેશવરામ. ૨ શા. વ્રજલાલ નરોતમ. ૨ શા. પરભુદાસ નરોતમ. ૨ શા. ગોપાળજી રઘુભાઈ. ૨ શા. જીવરાજ નારણદાસ. ૨ રા. રા. દામોદર મગનલાલ. ૨ શા. અચરતલાલ અમરતલાલ. ૨ શા. હરીલાલ ગોપાળજી. ૨ શા. ત્રીભુવંન કાળીદાસ. ૨ શા. હરગોવંન પ્રભુદાસ ૨ શા. હરગોવંન રામજી. ૨ ત્રીકમજી ધનેશ્વર. ૧ રા. રા. પરભાશંકર જટાશંકર. ૧ પરભુદાસ ગીગાભાઈ. ૧ વીઠલદાસ વનમાળીદાસ. ૧ આણંદજી નાગર. ૧ ચુનીલાલ મગનલાલ. ૧ ચંપકલાલ મગનલાલ. ૧ હરીલા-

લ શવાઈલાલ. ૧ મુકંદરાય મહીપતરાય. ૧ રા. રા. માધવલાલ છોટાલાલ. ૧ રા. રા. મોતીલાલ ગીરજ્યાશંકર. ૧ રા. રા. દોલતરાય સાકરલાલ. ૧ રા. રા. સાકરલાલ ગીરજ્યાશંકર. ૧ રા. રા. મોતીભાઈ શંભુપ્રસાદ. ૧ રા. રા. વીઠલરાય ભગવતરાય. ૨ રા. રા. માન-શંકર લક્ષ્મીશંકર. ૧ શા. ઓધવજી ગોપાળજી. ૧ શા. હરીપ્રસાદ ભગવાન. ૧ શા. દીપચંદ છગનભાઈ ૧ શા. જટાશંકર બાઈશંકર. ૧ દુર્લભજી હાઉજી. ૧ કાશીરામ ભવાનીશંકર. ૧ રા. રા. હરીલાલ રામપ્રસાદ. ૧ ભગવાન્ કરશન. ૧ ત્રાભુવંન હઠીશંગ. ૧ ગીરધર દાસ કુબેરદાસ. ૧ મોતીલાલ લવજી. ૧ ગીરધર દેવચંદ. ૧ પોપટ કમળશી. ૧ રા. રા. ચુનીલાલ હરીપ્રસાદ. ૧ મગનલાલ રામજી. ૧ ઝવેરદાસ વલભદાસ. ૧ મોહનલાલ હરજીવંન. ૧ પરભુદાસ કકલ. ૧ દુર્લભજી રઘનાથ. ૧ રા. રા. માનશંકર લક્ષ્મીશંકર. ૧ ચુનીલાલ રણછોડ. ૧ કૃશ્નાપ્રસાદ વજ્રદાસ. ૧ રા. રા. લાભશંકર મનસુખરામ. ૧ માધવજી પ્રાગજી. ૧ ખુશાલદાસ ઝીકાભાઈ. ૧ દુલેરાય બાપુભાઈ. ૧ કૃશ્નાપ્રસાદ શીવપ્રસાદ. ૧ નંદલાલ લક્ષમણ. ૧ કરૂણાશંકર મયારામ. ૧ ગોરધનદાસ છોટમલાલ. ૧ દામોદર હરજીવંન ૧ શામજી બેચરદાસ. ૧ માનશંકર નવનીતરાય. ૧ રા. સ. શંભુપ્રસાદ ૧ મગનલાલ. રેવાશંકર હાઠ.

૧ છોટાલાલ કુબેર. ૧ મગનલાલ ખોડીદાસ. ૧ છોટાલાલ

પ્રેમજી. ૧ દયાશંકર ભગવાન. ૧ પરભુ દીપચંદ. ૧ મેરાજ નાનજી. ૧ રા. રા. પરતાપરાય વજેશંકર. ૧ રા. રા. મુકંદ-રાય પરભાશંકર. ૧ રતીલાલ ફગનલાલ. ૧ રામપ્રસાદ કૃપા-શંકર. ૧ લલ્લુ ઓધવજી. ૧ રા. રા. માધવલાલ છોટમલાલ. ૧ શામજી ગીગાભાઇ.૧જમનાદાસ ભગવાન. ૧ જયાનંદ ગી-રજયાશંકર. ૧ ભીખાભાઇ ગાંડા. ૧ રા. રા. માધવલાલ મ-ગનલાલ. ૧ પોપટ નેમચંદ. ૧ નારણદાસ ત્રીભુવંન. ૧ મો-તીલાલ મણીલાલ. ૧ રા. રા. વીઠલરાય મહીપતરાય. ૧ અમરતલાલ માનજીભાઈ. ૧ નાનાલાલ ગવરીશંકર. ૧ હીરાલાલ સવાઈલાલ. ૧ રા. રા. પ્રતાપરાય નરસીંહદાસ. ૧ ઉદેસીંહ નાનજીભાઇ. ૧ કેશવલાલ ભીખાભાઇ. ૧ વનમાલી મુળજી. ૧ અંબાશંકર મુળજી. ૧ છોટાલાલ ઇશ્વરદાસ. ૧ ગીરજયાશંકર વજેશંકર. ૧ મગનલાલ હરજીવંનદાસ. ૧ દામોદર કાળીદાસ. ૧ કેશવલાલ. મણી-લાલ ભાઇશંકર. ૧ દામોદર નાથા. ૧ હરજીવંન મનોરદાસ. ૧ મગનલાલ નાનાભાઇ. ૧ હરગોવંન મોતીચંદ. ૧ રા. રા. ચુનીલાલ પરભાશંકર. ૧ રા. રા. પરભાશંકર વેણીશંકર. ૧ માહારાજગર શવાઇગરજી. ૧ હસનભાઇ દાજીભાઇ. ૧ અ-મરતલાલ છોટમલાલ. ૧ ભાવનગર મેડીકલ હૉલ. ૧ વ-કીલ લલુભાઇ મુળજી.

૧ હરગોવંનદાસ મોતીચંદ. ૧ મગનલાલ રણછોડદાસ.

દુર્લભજી ગોપાળજી. ૧ રા૦ રા૦ નરોતમ કાનજી. ૧ રા૦ રા૦ ભગવાનદાસ ગોરધનદાસ. ૧ હરીલાલ ગીરજ્યાશંકર. ૧ માધવજી ગણેશ. ૧ રેવાશંકર ગીરજ્યાશંકર. ૧ ગુલાબશંકર ચંદ્રશંકર—કરનાળીવાળા. ૧ રા૦ રા૦ માધવલાલ સંતોકરામ ૧ રા૦ રા૦ ચુનીલાલ છગનલાલ. ૧ રા૦ રા૦ ચુનીલાલ રતીલાલ. ૨ રા૦ રા૦ સંભુપ્રસાદ ગીરજ્યાસંકર. ૬ રા૦ રા૦ માધવલાલ દોલતરામ. ૧ રા૦ રા૦ રામપ્રસાદ પરભાસંકર. ૧ કાળીદાસ મહાશંકર. ૧ નાનાલાલ ચંપકલાલ. ૧ ગોવીંદજી અમરતલાલ. ૧ જેશંકર હરજીવન. ૧ દયાશંકર શીવશંકર. ૧ ત્રવાડી પ્રભાશંકર વીશ્નુલાલ. ૧ ત્રીભોવન કલ્યાણજી.

રાજકોટ.

૧ રા૦ રા૦ નવલરામ અવલરામ વાંચનશાળાના સેક્રેટરી ૧ ત્રીવેદી દેવશંકર કાશીરામ. ૧ જોશી નારણજી રણછોડ. ૧ જોશી જગજીવન દયારામ. ૧ વ્યાસ કૃપાશંકર જાદવજી. ૧ વ્યાસ ચકુભાઈ કાળીદાસ. ૧ મેતા જીવરાજ ટોકરશી. ૧ ઠકર મોર દેવજી. ૧ નારણજી નંદરામ ૧ કલ્યાણજી વણારશી. ૧ આણંદરાય વેલજી. ૧ વજેશંકર ચતૃભુજ. ૧ જગનનાથ રણછોડ. ૧ બાણુકારકુન યાદવ વામન. ૧ બારોટ વાલજી રણમલજી.

કમલેજ.

૧ લુવાણા. હરજીવંન વીઠલ.

નવાનગર.

૮ મુકુંદરાવ કલ્યાણરાય તરફથી.

મોરબી.

૧ શા. મોહનલાલ ખીમચંદ (ઑડીટ ક્લાર્ક)

૧ પ્રભાશંકર કેશવજી (મેનેજરની ઑફીસ)

૧ મણીઆર. સુંદરજી લક્ષ્મીચંદ (ઑડીટ ક્લાર્ક)

૧ એ. માર્કર્સ (કારકુન મોરબી રેલવે)

જુનાગઢ.

૧ રા. છગનલાલ શદાશંકર.

ધોરાજી.

૧ ભાઇશંકર જેશંકર (પોસ્ટ ઑફીસ ક્લાર્ક)

કુંકાવાવ.

૧ રા.રા. પરશોતમદાસ કામેશ્વર (આ.પોસ્ટ માસ્તર)

૧ ભગવાનજી ભાયાભાઇ.